જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૧૧/૨૦૨૧ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૨૧૦૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૧૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૭૨૩	૩	૧૧૭૨૬	૧૭૮૩૩	૩	૧૭૮૩૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
૩	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૨૧	૦	૧૨૧	૩૯૭	૦	૩૯૭
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૩૯૪૫	૪૫	૭૩૯૯૦	૭૫૦૨૪	૪૫	૭૫૦૬૯
કુલ		૯૦૫૨૨	૪૮	૯૦૫૭૦	૯૯૫૩૬	૪૮	૯૯૫૮૪

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	**MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ**
૧	અમદાવાદ શહેર	૪૫	૪,૪૧,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૪૭૯	૪,૭૯,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

કૃષ્ણનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલ મોબાઇલ ની દુકાનમાંથી સ્માર્ટ વોચ(ઘડીયાલો) નંગ-૪ ની ચોરી કરનાર ઇસમને ગણતરીના કલાકોમાં પકડી પાડતી કૃષ્ણનગર સર્વેલન્સ ટીમ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી " જી " ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પો.ઇન્સ **એ.જે.ચૌહાણ** નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોર્ડના પો.સબ.ઇન્સ **વી.એમ.ગોહિલ** તથા સાથેનો સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં તાજેતરમાં મિલ્કત સબંધી ગુન્હા શોધવા તથા બનતા ગુન્હા અટકાવવા સારૂ તેમજ પ્રોહી-જુગારની પ્રવૃતી સંદતર નિસ્ત નાબુદ કરવા સારૂ અવાર-નવાર ડ્રાઇવનુ આયોજન થઇ રહેલ હોય જેથી આવા આરોપીઓની તપાસના કામે પો.સ્ટે.વિસ્તારમાં ખાનગી વાહનોમાં ક.૧૭/૦૦ થી પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ફરતા-ફરતા ક.૨૧/૨૦ વાગે મેવાડા પાર્ટી પ્લોટ ચાર રસ્તા આગળ રોડ ઉપરથી પસાર થતા હતા તે દરમ્યાન સાથેના અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ નાઓની સંયુકત ખાનગી બાતમી હકિકત મળેલ કે " **એક ઇસમ કે જેણે શરીરે આશમાની તથા ગ્રે કલરનો ચોકડી ડિઝાઇન વાળો શર્ટ તથા કાળા કલરનુ જીન્સનુ પેન્ટ પહેરેલ છે તે ઇસમ હાલમાં સાઇ ચોક બાજુથી એક કાળા કલરના એકટીવા નં-GJ-27-DF-6898 ઉપર આવી મેવાડા પાર્ટી પ્લોટ થઇ નિકોલ બાજુ જનાર છે અને તેની પાસે ચોરી કરેલ અથવા છળકપટની મેળવેલ ઘડીયાલો છે અને તે સગે-વગે કરવાની ફિરાક માં ફરી રહેલ છે** " વિગેરે બાતમી આધારે સદરી જગ્યાએ સ્ટાફ તથા પંચોના માણસો સાથે વોચ તપાસ કરી સદરી જગ્યાએથી એક ઇસમને તેના કબ્જાના એકટીવા સાથે પસાર થતા પકડી પાડી એકટીવા ની ડેકીમાંથી સ્માર્ટ વોચ(ઘડીયાર) ના ત્રણ નંગ બોક્ષ તથા એક છુટી ઘડીયાર ચાર્જર સાથેની મળી આવેલ જે બાબતે સદરી ઇસમ ની પૂછપરછમાં સદર ઇસમે આ ચાર સ્માર્ટ ઘડીયાલો પોતે બેકાર હોય અને હાલ કોઇ કામ-ધંધો ન હોય જેથી આજથી ત્રણેક દિવસ પહેલા પોતે પોતાની કાળા કલર ની એકટીવા નં-GJ-27-DF-6898 ની લઇ ચોરી કરવાના ઇરાદે બાપા સિતારામ ચોક પાસે સ્વામીનારાયણ કોમ્પ્લેક્ષ ની નીચે એક શિવમ મોબાઇલ નામની દુકાન આવેલ હોય જ્યા દુકાનમાં એક લેડિઝ હાજર હતા જેથી પોતે ત્યા ખરીદી કરવાના બહાને ગયેલ અને ત્યા સ્માર્ટ ઘડીયાલો બતાવો તેવુ કહી ચાર નંગ ઘડીયાલો જોતો હતો અને પસંદ છે તેમ કહી ખરીદેલ અને ઝભલુ માંગતા તે બહેન તેમની દુકાનની અંદર પાટેશન પાછળ ઝભલુ લેવા જતા પોતે આ ઘડીયાર ના ચાર નંગ બોક્ષ લઇને પોતાની એકટીવા લઇ ત્યાથી નાસી ગયેલ જે બાબતે અત્રેના કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ એ.ગુ.ર.નં-૧૧૧૯૧૦૧૩૨૧ ૧૫૩૧/૨૦૨૧ તા.૧૮/૧૧/૨૦૨૧ ધી.ઇ.પી.કો.કલમ-૩૭૯ મુજબનો ગુન્હો રજીસ્ટર થયેલ હોય જે **ગુન્હો ડિટેકટ કરી** મુદ્દામાલ પંચનામાં વિગતે કબ્જે કરી આરોપીની ક.૨૩/૨૦ વાગે ઉપરોકત ગુન્હાના કામે અટક કરી વધુ તપાસ જારી રાખી સારી કામગીરી કરેલ છે તા.૧૯/૧૧/૨૦૨૧

આરોપીનુ નામ સરનામા:-

રાજ સ/ઓ કાંતીભાઇ રામદાસ જાતે પ્રજાપતિ ઉ.વ.૨૨ ધંધો-બેકાર રહે-મ.નં-૧૨,માતૃભુમી કો.ઓ.સોસાયટી વેંદાત સ્કુલ ની બાજુમાં નિકોલ ડી-માર્ટ પાછળ ન્યુ ઇન્ડીયા કોલોની નિકોલ અમદાવાદ શહેર મૂળ વતન ગાગ-ઇટાદરા તા.માણસા જીલ્લો-ગાંધીનગર

મુદ્દામાલ:-

સ્માર્ટ વોચ(ઘડીયાલો) નંગ-૪ કુલ્લે કિ.રૂ.૬૮૦૦/-તથા એકટીવા કિ.રૂ.૪૦,૦૦૦/-તથા અંગજડતી માથી એક સેમસંગ કપની નો કાળા કલરનો જે-૬ પ્લસ મોડલનો મો.ફોન કિ.રૂ.૭૦૦૦/-ની મત્તાનો મુદ્દામાલ

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોર્ડ પો.સબ.ઇન્સ શ્રી વી.એમ.ગોહિલ તથા સાથેના સર્વેલન્સના માણસો એ અ.પો.કોન્સ હિરેનકુમાર મધુસુદનભાઇ બ.નં-૧૧૮૦૨ તથા અ.પો.કોન્સ સંજયસિંહ ભરતસિંહ બ.નં-૧૦૧૮૮ તથા અ.પો.કોન્સ ભરતકુમાર વસંતભાઇ બ.નં-૬૮૧૨ તથા અ.પો.કોન્સ હિતેશકુમાર ગોકળભાઇ બ.નં-૯૯૯૪



પેરોલ જમ્પના આરોપીની અટકાયતની વિગત

શાહપુર પોલીસ સ્ટેશન

પેરોલ જમ્પ કરી ફરાર NDPSના ગુનામાં સજા પામેલ કેદીને પકડી પાડતી શાહપુર પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડ

માનનીય પોલીસ કમિશ્નર સાહેબ શ્રી તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૦૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશનર, ઝોન-૦૨ શ્રી વિજય પટેલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર, "સી" ડિવિઝન શ્રી એસ. કે. ત્રીવેદી સાહેબ નાઓ તરફથી પો.સ્ટે. વિસ્તારમા કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે સારૂ પોલીસ સ્ટેશન વિસ્તારમા નાસતા ફરતા તથા પેરોલ જમ્પ કરેલ આરોપીઓને પકડી પાડવા સુચના આપેલ હોય જેથી શાહપુર પોલીસ સ્ટેશન સિનીયર પોલીસ ઇન્સપેકટર શ્રી આર.એચ.વાળા તથા સેકન્ડ પોલીસ ઇન્સપેકટર શ્રી કે.એસ.પટેલ નાઓના સીધા માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ. શ્રી એસ.આર.બલાત તેમની સર્વેલન્સ સ્કોર્ડની ટીમ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા નાસતા ફરતા તેમજ પેરોલ જમ્પ કરેલ ઈસમોને શોધી કાઢવા પેટ્રોલીંગમા ફરતા હતા દરમ્યાન પ્રવીણ બ્રહ્મભટ્ટ ચોક પાસે આવતા સાથેના **અ.હે.કો. નૌશાદઅલી ઉસ્માનમીયા બ.નં.૯૬૪૩ તથા અ.લો.૨. અક્ષયકુમાર દશરથલાલ નાઓને સંયુકત રીતે ખાનગી બાતમી હકીકત મળેલ કે**, પેરોલ જમ્પ કરી નાસતો ફરતો કેદી અબ્દુલ કૈયુમ શેખ પોતાના રહેણાંક મકાને તેની પત્ની ને મળવા આવવાનો છે. જેણે શરીરે ખાખી જેકેટ તથા વાદળી કલરની નાઇટી પહેરેલ છે. તેવી ચોકકસ બાતમી હકીકત મળતા સાથેના સ્ટાફના માણસોને સમજ કરી સ્ટાફના માણસો સાથે સદરહુ હકીકત વાળા ઈસમને પકડવા સરદાર કુંજ સોસાયટી ના નાકા પાસે આવેલ ચોકમાં સદરી ઈસમની વોચ કરતા હતા દરમ્યાન થોડીવારમા ઉપરોકત વર્ણનવાળો ઈસમ આવતા સાથેના લોકરક્ષક અક્ષયકુમાર દશરથલાલ નાએ ઓળખી બતાવતા સદરીને સ્ટાફના માણસોની મદદથી કોર્ડન કરી પકડી મજકુર ઈસમનુ નામઠામ પુછતા તેનુ નામ અબ્દુલ કૈયુમ સ/ઓ શબ્બીરભાઈ લલ્લુભાઈ શેખ ઉ.વ.૪૦ ધંધો-ડ્રાઇવીંગ રહે.જુલાઈવાડા, બંગડીવાળી ચાલી, બેલધરવાડની બાજુમા, શાહપુર, અમદાવાદ શહેર નાનો હોવાનુ જણાવતો હોય મજકુર ઈસમ બાબતે ખરાઈ કરાવતા એન.સી.બી./એ.ઝેડ.૪/સી.આર./૫/૨૦૧૦ સેશન્સ કેશ નં.૧૮૦/૨૦૧૧ એન.ડી.પી.એસ. કલમ-૮ (સી), ૨૦(બી)(ii)(સી), ૨૯ મુજબના ગુનાના કામે સાબરમતી મધ્યસ્થ જેલમાં સજા હેઠળ હોય જે કેદી નામદાર હાઇકોર્ટમાથી દિન-૨૯ ના પેરોલ જામીન મેળવી તા.૦૫/૦૭/૨૦૨૧ ના રોજ જેલમાંથી પેરોલ રજા ઉપર છુટેલ જેને તા.૦૩/૦૮/૨૦૨૧ ના રોજ હાજર થવાનુ હોય પરંતુ જેલમાં હાજર થયેલ ના હોય અને પેરોલ જમ્પ કરી નાસતો ફરતો હોય જે પેરોલ જમ્પના આરોપી ને પકડી પાડી સર્વેલન્સ ટીમે મજકુર આરોપીને સાબરમતી જેલ હવાલે કરવા તજવીજ હાથ ધરેલ છે. આમ પેરોલ જમ્પ કરેલ NDPS ના ગુનાના કેદીને પકડી પાડી શાહપુર પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડની ટીમે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

સારી કામગીરી કરનાર અધિકારી/કર્મચારીઓ

(૧) શ્રી આર.એચ.વાળા સિનીયર પોલીસ ઇન્સ્પેક્ટર શાહપુર પોલીસ સ્ટેશન માર્ગદર્શન અને સુચના

(૨) શ્રી કે.એસ.પટેલ સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી શાહપુર પોલીસ સ્ટેશન માર્ગદર્શન અને સુચના

(૩) પો.સ.ઈ. શ્રી એસ.આર.બલાત

(૪) મ.સ.ઈ. ઈસ્માઈલભાઈ ઈકબાલભાઈ

(૫) અ.હે.કો. નૌશાદઅલી ઉસ્માનમીયા

(૬) પો.કો. જયેશભાઈ જયરામભાઈ

(૭) પો.કો. પ્રીયવદન મનુભાઈ

(૮) પો.કો. પ્રવીણસિંહ દેવેંદ્રસિંહ

(૯) પો.કો. કૃષ્ણસિંહ ભરતસિંહ

(૧૦) પો.કો. ગીરીશકુમાર પુંજાલાલ

(૧૧) પો.કો. જીગ્નેશ ભવાનભાઈ

(૧૨) લોકરક્ષક અક્ષયકુમાર દશરથલાલ

(૧૩) લોકરક્ષક વનરાજભાઈ ભરતભાઇ

(૧૪) લોકરક્ષક ઈશ્વરભાઈ માલસુરભાઈ

પેરોલ જમ્પ કરેલ કેદી

અબ્દુલ કૈયુમ સ/ઓ શબ્બીરભાઈ લલ્લુભાઈ શેખ ઉ.વ-૪૦ ધંધો. ડ્રાઈવીંગ રહે.જુલાઈવાડા બંગડીવાળી ચાલી, બેલધરવાડ ની બાજુમા શાહપુર, અમદાવાદ શહેર



પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન (૧)

પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ખુબ જ મોટા જથ્થામાં ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની હેરાફેરી તેમજ વેચાણના ગુનામાં પકડાયેલ આરોપી નામે ગોપાલ ઉર્ફે ગોપીયો ઉર્ફે ગોપી સ/ઓ ચેનસિંગ જાતે ચૌહાણ ઉ.વ.૨૧ રહે. મોહનલાલ વકીલની ચાલી, ધી વાળી ચાલીની સામે, ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૫૨૯/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઈ), ૧૧૬(બી) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૯૯૦/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(ઈ), ૧૧૬(બી) મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૧૦૯/૨૦૨૧ ધી ગુજરાત પ્રોહી એક્ટ કલમ-૬૫(એ)(ઇ), ૮૧, ૮૩, ૮૬, ૯૮(૨), ૧૧૬(બી) તથા ઇ.પી.કો. કલમ-૪૬૫, ૪૬૮, ૪૭૧ મુજબ તથા નં.(૪) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૨૫૧/૨૦૨૧ ધી પ્રોહી એક્ટ કલમ ૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૩૯/૨૦૨૧ તા.૧૮/૧૧/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઈસમને આજરોજ તા.૧૮/૧૧/૨૦૨૧ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "ખાસ જેલ-પાલારા ભુજ" ખાતે મોકલી આપેલ છે.

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ વી.એ.હરકટ(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



મેઘાણીનગર પોલીસ સ્ટેશન (૨)

પ્રોહિબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર વિસ્તારમાં ખુબ જ મોટા જથ્થામાં ભારતીય બનાવટનો પરપ્રાંતનો વિદેશી દારૂની હેરાફેરી તેમજ વેચાણના ગુનામાં પકડાયેલ આરોપી નામે બળવંતસિંહ ઉર્ફે બલ્લુ તેજસિંહ જાતે રાજપુત ઉ.વ.૪૯ રહે.મ.નં.૧૦૩/૨, ચીમનલાલ મહાસુખરામની ચાલી, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ શહેર મુળ વતન ગામ-શિરોહી નયાવાસ, રાજપુત મહોલ્લો, તા.જી.શિરોહી રાજસ્થાન વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૨૦૦૫/૨૦૨૦ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(એ), ૧૧૬(બી) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-સી-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૧૨૪૭/૨૦૨૧ ધી પ્રોહી. એક્ટ કલમ ૬૫(એ)(ઈ), ૧૧૬(બી), ૮૧ મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઇસમ વિરુધ્ધ મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓ સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૬૪૨/૨૦૨૧ તા.૧૮/૧૧/૨૦૨૧ થી પાસા અટકાયત તરીકે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય જે આધારે સદરી અટકાયતી ઇસમને આજરોજ તા.૧૮/૧૧/૨૦૨૧ ના કલાક ૨૧/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ-રાજકોટ" ખાતે મોકલી આપેલ છે.તા.૧૮/૧૧/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ વી.એ.હરકટ
(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦
(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નરોડા પોલીસ સ્ટેશન

શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ"

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૧૦૨૧૭/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૧૧૪ મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૧૦૪૫૩/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ (૩) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૫૨૧૧૬૮૩/૨૦૨૧ ઇ.પી.કો. કલમ ૩૬૫, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબ (૪) રામોલ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૧૧૯૦૮/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૯૪, ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુના દાખલ થયેલ જે આરોપી વિરુધ્ધ આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૬૩૬/૨૦૨૧ તા.૧૮/૧૧/૨૦૨૧ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૧૮/૧૧/૨૦૨૧ ના કલાક-૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી પાલારા-ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૧૮/૧૧/૨૦૨૧

આરોપીનુ નામ -

"ભાગ્યેશ ઉર્ફે ચાકુભાઇ કનૈયાલાલ સોલંકી ઉ.વ.૨૭ હાલ રહે: બી/૨૦૨, વૃંદાવન રેસીડેન્સી, મહર્ષી સાંદીપની સ્કુલ, નવા નરોડા, અમદાવાદ શહેર હાલ રહે: ક્યુ/૧૦૧, જીવણપ્રાણ રેસીડેન્સી, હરીદર્શન ચાર રસ્તા, નવા નરોડા, અમદાવાદ શહેર

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વેલન્સ સ્કોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ.પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો. કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ તથા લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં. ૧૧૭૩૭



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૦૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૯ કેસ કરી, ૬૯ વ્યક્તિઓને ઝડપી, ૨૬૩ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૪ કવાટર્સ ઇંગ્લીશ દારૂ, અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૩,૪૧૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૨૧૦૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૫૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ ચોરી:- **સમાચાર યાદી નં.૨૧૦૭/૨૦૨૧**

વાસણાઃ હસમુખભાઇ ચીમનલાલ પટેલ (રહે. રીવરસાઇડ પાર્ક ન્યુ વાસણા) એ વાસણા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૧/૨૦૨૧ કલાક ૧/૦૦ થી ૪/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની સ્લાઇડર બારી વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ **કરી કબાટમાંથી સોનાની વીંટી, મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૦,૦૦૦/- મતાની તેમજ જરૂરી દસ્તાબેજની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.પી.એચ.જાડેજા ચલાવે છે.**

સોનાનો દોરો ઝુટવી લઇ ગયા:- **સમાચાર યાદી નં.૨૧૦૮/૨૦૨૧**

માધવપુરાઃ મંજુલાબહેન તે કીરીટભાઇ ચીમનલાલ શાહ નાઓના વિધવા પત્ની (ઉ.વ.૬૧) (રહે. કાર્તીક સ્વામી સોસાયટી, સર્વોદયનગરની બાજુમાં, શાહપુર દરવાજા બહાર, માધવપુરા) તા.૧૭/૧૧/૨૦૨૧ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે રહેણાંક નજીકથી એકટીવા પાછળ બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે મોટર સાયકલ ઉપર આવેલ એક પુરૂષ મંજુલાબહેન શાહના ગળામાંથી સોનાનો દોરો કિમત રૂપિયા ૩૫,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયો હતો. આ અંગેની ફરીયાદ મંજુલાબહેન શાહે માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી.વી.જે.ચાવડા ચલાવે છે.

દાઝી જતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૨૧૦૯/૨૦૨૧**

આનંદનગરઃ અમૃતભાઈ નરસંગભાઈ પરમાર (ઉ.વ.૫૩) (રહે.જીવરાજ પાર્ક, નારાયણનગર બાપુનગર) તા.૧૨/૧૧/૨૦૨૧ સવારના ૧૧/૩૦ વાગ્યાના સુમારે સેટેલાઈટ પૃથ્વી ટાવર સામે જયતીર્થ એવન્યુ ખાતે ફર્નિચરનુ કામ કરતા હતા ત્યારે મકાનમાં શોર્ટ સર્કિટ થતા આગ લાગતાં દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૮/૧૧/૨૦૨૧ કલાક ૨/૩૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે આનંદનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી.દીપસિંહ અભેસિંહ ચલાવે છે.

આત્મહત્યા:- **સમાચાર યાદી નં.૨૧૧૦/૨૦૨૧**

વેજલપુરઃ સનોફર ડો/ઓ કમરૂદ્દીન શેખ (ઉ.વ.૨૪) (રહે.સંકલીતનગર જુહાપુરા) એ અગમ્ય કારણસર તા.૧૭/૧૧/૨૦૨૧ રાતના ૧૧/૦૦ થી તા.૧૮/૧૧/૨૦૨૧ સવારના ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વેજલપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી.આર.ડી.રોહીત ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.